સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

ક્યાંય નથી ફૂલ-પથારી પાથર્યા છે બાવળીયા !
સમાજ-મતદારનાં વન વચ્ચે છે બાવળીયા !
ભોંકાય છે કાંટા બાવળીયા દિલે દગાબાજીના -
સત્તાની ભૂખ તો જીવનમાં વાવે છે બાવળીયા -

હાઈકુ

છે સરકસ
સિદ્ધાંત ગૂંલાટોનું
રાજકારણ...

ચૂંટણી પ્હેલાં,
લોભી ફસામણીની -
પાથરે જાળ...

ચિંતન

જનોઽયમ્યસ્ય મૃતઃ પુરાતનઃ પુરાતનૈરેવ સમો ભવિષ્યતિ ।
પુરાતનેષ્વિવત્યનવસ્થિતેષુ કઃ પુરાતનોકતાન્ય પરીક્ષય રોચયેત્ ॥

ઉપરોક્ત શ્લોક ધર્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જે પુરાતનકાળમાં હતું તે મરી ચૂક્યું છે. તે બીજાનું હતું. આજનો માણસ જો તેને પકડીને બેસશે તો તે પણ પુરાતનની જેમ મરી જશે. પુરાણા સમયના જે વિચાર છે તે તો અનેક પ્રકારના છે. તેની અનેક પ્રકારે પરિક્ષા કરી ને જ અપનાવી શકાય.

જે સ્વયં વિચાર કરવામાં આળસુ છે તે કોઈ નિર્ણય પર પહોંચી ન શકે. જેના મનમાં યોગ્ય નિર્ણય કરવાની બુદ્ધિ છે તેના જ વિચાર પ્રસન્ન અને સ્વચ્છ રહે છે. જે એમ વિચારે છે કે અગાઉના આચાર્ય અને ધર્મગુરુ જે કહી ગયા છે એ જ સાચું છે. તેની જ બુદ્ધિ સાચી અને મારી નકામી, તો એવા બાવા વાક્ય પ્રમાણ પ્રમાણે વિચારનાર માણસ ફક્ત આત્મહનનના માર્ગે છે.

સુવિચાર

- ભલાઈ કરતે રહિયે બહતે પાની કી તરહ,
  બુરાઈ ખુદ હી કિનારે લગ જાયેગી કચરે કી તરહ - **મુંબઈ સમાચાર**
- અન્નદાન તૃપ્તિદાન છે, અન્ય બધાં દાન અતૃપ્ત છે - **રણછોડદાસજી મહારાજ**
- ધનવાનનું હૃદય ધનના ભારથી સંકોચાઈ જાય છે,
  પછી તેમાં ઉદારતાને રહેવાનું સ્થાન જ નથી રહેતું - **ગુણવંત શાહ**
- હું પંડિત અને મૌલવી બેઉને સલામ કરું છું, મન ધર્મ નહિં, પણ ઈમાન જોઈએ છે - **અકબર**
- ચાળણી કયે મોઢે સોય ને કહે છે તારામાં છિદ્ર છે ? - **મુંબઈ સમાચાર**
- ન્યાય કરવો એ તો ઈશ્વરનું કામ છે, માણસનું કાર્યક્ષેત્ર દયા પૂરતું જ સીમિત છે - **સંત ફ્રાંસિસ**
- આજનું ઔષધ : ગળીના પાનની પેસ્ટ બનાવી કૂતરાના કરડવા પર લગાવવાથી દુઃખાવો મટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ગુરુનો આદેશ ભલેને કોઈ પણ પ્રકારનો હોય, પણ તે હંમેશા શિષ્યની ભલાઈ અને ઉન્નતિ માટે જ હોય છે. દરેક શિષ્યએ પોતાના ગુરુના આદેશનું પાલન કરવું જોઈએ. ગુરુ વૃદ્ધ થયા અને એમના દરેક શિષ્યને એમ થતું કે મેં ગુરુની ખૂબ સેવા-ચાકરી કરી છે. એટલે જો તેઓ મને તેમનો ઉત્તરાધિકારી બનાવે તો કેવું સારું થાય. ગુરુ પણ વિદ્વાન હતા. શિષ્યોની પરિક્ષા કરવા તેમણે આશ્રમમાં એક ચાકડો રાખ્યો હતો. એક વાર એમણે તમામ શિષ્યોને બોલાવીને કહ્યું, 'આ ચાકડા પર સૌએ એક-એક માટલું બનાવવાનું છે, કાચુ માટલું બને એટલે મને બતાવવાનું રહેશે. પછી જો હું હા પાડું તો જ એ માટલું નિભાડામાં નાખી પાકું કરવાનું છે.' સૌ શિષ્યો માટલું બનાવવા લાગ્યા. અને ગુરુને બતાવવા લાગ્યા. ગુરુએ સૌના માટલા જોઈ તોડી નાખ્યા કહ્યું, ફરી નવું માટલું બનાવવા કહ્યું. આવું ત્રણ-ચાર વાર થયું. માટલું બને એને ગુરુ તોડાવી નાખે. આથી શિષ્યો નિરાશ થયા. તેઓ વિચારવા લાગ્યા કે ગુરુ હવે વૃદ્ધ થઈ રહ્યા છે. આથી એમની અક્કલ હવે ઠેકાણે નથી. પણ એક શિષ્ય હજી હિમ્મત હાર્યો ન હતો. તેણે માટલા બનાવવાના પ્રયત્નો ચાલુ રાખ્યા હતા. બાકીના શિષ્યોએ પેલાને કહ્યું, 'અરે ભાઈ, આ માટલા બનાવવાની મંજૂરી છોડી દે. ગુરુના મગજનું ઠેકાણું રહ્યું નથી.' પેલા શિષ્યએ જવાબ આપતા કહ્યું, 'જો ગુરુ ગાંડા હોય તો આપણા કોઈનું મગજ ઠેકાણેના હોઈ શકે. મને તો એ જ શિક્ષા મળી છે કે ગુરુ ઈશ્વરનું બીજું સ્વરુપ છે અને એમની આજ્ઞાનું સદૈવ પાલન કરવું જોઈએ. જો ગુરુજી મને આખી જિંદગી માટલા બનાવવાનું કહેશે તો હું જીવનભર માટલું બનાવીશ.' આમ એ શિષ્ય વારંવાર માટલું બનાવતો ગયો અને ગુરુજી એને માટલું ફોડી નવું બનાવવાનું કહેતો તો ફરી નવું માટલું બનાવવામાં લાગી જતો. આ એકલા શિષ્યની સમર્પણ અને ભક્તિ જોઈ એને ગળે લગાવી ગુરુએ કહ્યું, તું જ મારો સાચો શિષ્ય છે અને તું જ મારો સાચો શિષ્ય છે અને તું જ મારો સાચો ઉત્તરાધિકારી બનવાને લાયક છે.

દારૂબંધીનો અમલ વિવાદમાં જ...

તંત્રીસ્થાનેથી...

ગુજરાત ગાંધીનો પ્રદેશ. આ ઓળખ અકબંધ રાખવા પૂરતી આપણે ગાંધીની આમન્યાની રૂએ દારૂબંધી ચાલુ રાખી છે. ગાંધી તો દેશ આખામાં દારૂબંધી દાખલ કરાવવા માગતા હોય, પણ બીજા પ્રદેશો એમને દાદ આપે કે ? ગુજરાત કયારેક મહારાષ્ટ્ર સાથે જોડાઈને મુંબઈ રાજયનો હિસ્સો ગણાતું હતું. એથી શરૂઆતના તબક્કે મુંબઈ રાજયમાં દારૂબંધી હતી. કાળક્રમે વિદેશી હૂંડિયામણ અને અઢળક આબકારી જકાતના ભોગે માત્ર 'ગાંધી જિલ્લા' તરીકે ઓળખાતા વર્ધા જિલ્લામાં જ દારૂબંધી રહી. બાકીનો આખો દેશ, એકાદ ઉત્તરપૂર્વના પ્રદેશ સિવાય 'ભીનો' - Wet બની રહ્યો. ગાંધીજી માટે આઝાદી કરતાં પણ નશાબંધી અને અસ્પૃશ્યતા નિવારણ જેવા રચનાત્મક કાર્યક્રમો વધુ અગત્ય ધરાવતા હતા. એમણએ એકવાર કહ્યું હતું કે મને જો માત્ર લીંબુ ઉછાળ સમય પૂરતો આ દેશનો સર્વસત્તાધીસ બનવા મળે તો સૌથી પહેલું કામ દેશમાંથી દારૂને દેશવટો આપવાનું કરું. આટલી ચુસ્ત અને આગ્રહયુક્ત ગાંધી આજ્ઞા ખુદ કોંગ્રેસ ન પાળી શકી એનું કારણ શોધવા જવાની જરૂર નથી. દારૂ માનવીની ઉત્ક્રાંતિ સાથે સંકળાયેલું પીણું છે. એ વિશ્વવ્યાપી પેય છે એનો તો ખુદ ગાંધીજી પમ ઈન્કાર કરી શકે એમ નથી. દારૂ વગરની દવાની કલ્પના કરી શકાતી નથી. 'દવાદારૂ' શબ્દ સાથે જ બોલાય છે. એ જ રીતે સાહિત્યકળાની લઈ જીવનના સુખદુઃખના પ્રસંગોએ દારૂ લગભગ અનિવાર્ય ગણી શકાય એવી ઘરેલું આઈટમ બની ચૂકી છે. આવો દારૂ જયારે 'સોશિયલ ડ્રિંક' ની લક્ષ્મણરેખા ઓળંગી વ્યસન બની જાય ત્યારે એ કુટુંબોનાં કુટુંબોને બરબાદ કરી મૂકતો હોય છે. દારૂડિયો દારૂને નથી પીતો, દારૂ જ દારૂડિયાને પી જતો હોય છે. આ બધું બધા જ સમજે છે અને છતાં દારૂબંધીનો થવો જોઈએ એવો અમલ ગુજરાત જેવા ગાંધી રાજયમાં પણ થઈ શખતોન થી તે હકીકત છે. કોંગ્રેસમાં જોડાયા પૂર્વે ઠાકોર ક્ષત્રિય સેનાના નેજા હેઠળ અલ્પેશ ઠાકોરે ગુજરાતમાં દારૂબંધી માટેની ઝુંબેશ ઉપાડી હતી. એક યુવા કાર્યકર તરીકે એમને આ ઝુંબેશમાં ઉમળકાભેર્યો લોક સહયોગ પણ સાંપડ્યો હતો. એમણે સરકારી તંત્રને ત્યારે પણ દોડતું કરી દીધું હતું, ગરીબ ઠાકોર સમાજમાં દારૂ ગાળવાનું અને પીવાનું ભારે પ્રચલન હતું. હજી બુટલેગરો તો એ ધંધામાં સક્રિય છે જ, તે તાજેતરમાં અમદાવાદમાં બનેલા લઠ્ઠાકાંડમાં સૌએ જોયું છે. શહેરો જેટલું જ આ કલંક ગામડાંમાં પણ ફેલાયેલું છે. અલ્પેશ ઠાકોરની ઝુંબેશને પરિણામે સરકારે દારૂબંધીનો કાયદો વધુ ચુસ્ત બનાવ્યો હતો છતાં એમાં છીંડાં તો રહી જ જવાનાં. તાજેતરમાં અલ્પેશ-હાર્દિક અને જિગ્નેશની યુવા ત્રિપુટીએ જનતા રેડ કરીને તથા પત્રકાર પરિષદ ભરીને ગુજરાતમાં દારૂબંધીનો અમલ બરાબર નહીં થતો હોવાનો આક્ષેપ કર્યો છે. ખુદ અલ્પેશ ઠાકોરના મત વિસ્તારમાં પણ દારૂ વેચાય છે. વિદેશી દારૂ પણ ગેરકાયદેસર રીતે ઢગલામોડે ગુજરાતમાં ધકેલાય છે. આ મુદ્દે રાજય સરકાર ગમે તેટલી તકેદારી રાખે તો પણ બુટલેગરો અને પોલીસ વચ્ચે દાયકાઓથી ચાલી આવતી મિલી ભગત અટકાવવી અઘરી છે. જનતા જાગે તો જરૂર કંઈક પરિણામ સાંપડે. પણ જનતા તો ગાંધીના સમયમાં પણ જાગી હતી - પીઠાં પર પિકેટિંગ થતું હતું. સત્યાગ્રહ થતો, સત્યાગ્રહીઓને પોલીસ પકડી જતી અને પીઠાં પાછાં ચાલુ થઈ જતાં. અત્યારે દારૂબંધીનો કાયદો હોઈ કામગીરી બતાવવા ખાતર પણ પોલીસને દારૂના અડ્ડાઓ પર દરોડા પાડવા પડે છે, થોડો દેશી દારૂ દેવાય છે, પીપડાં કબજે લેવાય છે અને એની વીડિયોગ્રાફી કરી વાત પૂરી કરી દેવાય છે. દારૂબંધી અંગે બધા જ 'સિરિયસ' છે અને છતાં પરિણામ નથી મળતું. જેમ ગાંધી પ્રેરિત બ્રહ્મચર્યનું પાલન અઘરું છે એમ આ યુગોથી પ્રસ્થાપિત સુરાસુંદરીથી પરહેજ કરવાનું પણ સહેલું નથી.

ઓરી અને રૂબેલા

(ગતાંકથી આગળ)

ભાઈ તમે વાતો મોટી મોટી કરો છો પણ રસી કેટલી મૂકાવવી. રસીઓના નામથી થાકી જવાય છે. કંઈક હોય ને આની રસી મુકાવી દો, આની રસી મુકાવી લો એટલે કે કમળાની રસી મુકાવો, ટાઈફોઈડની રસી મુકાવો, નિમોનિયાની રસી મુકાવો, પોલિયોની રસી મુકાવો અને પાછી આ નવી રસી કે એમ.આર. રસી આમાં તો ખબર નથી પડતી કે ખરેખર રસીના ફાયદા થાય છે કે ડૉક્ટરોના ઘર ભરે છે. એક આ ધંધો તો નથી થઈ ગયો ને ? હમણાં તો કમળાની રસી પણ ચાલી છે. પણ લ્યો બનાવોને તમારામાં તાકાત હોય તો મેલેરિયાની રસી બનાવો. પણ ના મેલેરિયાની રસી તમે બનાવી શકતા નથી. પોલુ તો સૌએ વગાળ્યા, સાંબેલુ વગાડો તો સાચું. બનાવોને મેલેરિયાની રસી. આ તો જરા આમ જ હળવાશમાં ખરેખર આપણા વિજ્ઞાનિકો થોડા સમયમાં મેલેરિયાની રસી પણ શોધી નાખશે. રસી બનાવવી એ એક સમાજ માટે અગત્યનું કામ છે અને એ અગત્યના કામને આપણે વધાવવાનું છે. એટલે કે જેટલી શક્ય હોય એટલી રસી મુકાવવી જોઈએ. ભારતમાંથી પોલિયો લગભગ જતો રહ્યો. કેમ કે પોલિયોની રસીથી આપણું ભારત પોલિયોમુક્ત થયું. સાહેબ ઘણાં દેશો એવા છે કે જેમાં પોલિયો જેવા ખતરનાક વાઈરસ છે જ નહીં એનું કારણ પોલિયોની રસી. હવે સરકારશીએ ૧૫ જુલાઈથી ૧૫ ઓગસ્ટ સુધી એમ.આર. રસી એટલે કે ઓરી અને રૂબેલાની રસીનું એક રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કરેલ છે. તો ખાસ કરીને ૯ મહિનાથી ૧૫ વર્ષ સુધીના બાળકોને રસી મૂકાવવી આપણા જ ભવિષ્યના આપણે ઉજ્જવળ કરવાનું છે. સવાલ એ થાય કે કેમ જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં જ કેમ. એના માટે સરકાર પોતાને જ ખ્યાલ નથી કે જેમ કે પોલિયોની રસી આખા દેશમાં એક જ સાથે આપવામાં આવે છે એવી એમ.આર.ની રસી એટલે કે ઓરી – અછબડાની રસી આખા દેશમાં એક જ સાથે કેમ કરવામાં નથી આવતી. જોકે એનું કારણ બરાબર મળતું નથી. શું કારણ હોઈ શકે ? ક્યાંક ચૂંટણી હોય ત્યાં જ રસીકરણનું કામ કરકાર કરે છે, ક્યાંક ફંડ મળે તો જ આ કામ થાય છે, ખબર નહીં પણ આપણું કામ એક જ છે કે આપણે આપણા બાળક નવ મહિનાથી ૧૫ વર્ષ સુધીના હોય તેમને સ્કૂલમાં જઈને રસી મૂકાવવી. એ આપણો ધ્યેય હોય અને નક્કી કરવું જોઈએ કે આપણા ઓછાં માં ઓછા ૧૫ થી ૨૦ બાળકોને રસી મૂકાવવામાં મદદ કરીએ. જેને લઈને આપણા ગાંધીનગર જિલ્લાના ૧૦૦ ટકા બાળકોને આનો લાભ મળે. ઓરી અને રૂબેલા એ સમાજને ખૂબ જ નુકસાન કરી શકે છે અને માટે જ એનું રસીકરણ કરવું જરૂરી છે. જો રસી ન લેવામાં આવે તો જેમ સંજયને અઠવાડિયામાં જ જાન ગુમાવવી પડી એ ન ગુમાવવી પડી હોય. ઓરીના વાઈરસથી મગજ ઉપર ખૂબ જ નુકસાન થાય છે અથવા મગજ મરી પણ જાય છે. નિયમોનિયા થાય છે અને જેના લીધે પણ અવસાન થઈ શકે છે. અને આ ચેપી રોગ છે. જેને જો ન અટકાવવામાં આવે તો ઘરના બીજા બાળકોને આ રોગ થવાની પૂરેપૂરી શક્યતા રહેલી છે. ઓરીની બીજી કોઈ દવા મળતી નથી. રોગપ્રતિકારક શક્તિ જો ખરાબ હોય તો મોત નક્કી જ છે. ફક્ત રસી જ એને બચાવી શકે તેમ છે. એટલે રસી મૂકાવવી ફરજિયાત કરવી જોઈએ. એવી જ રીતે રૂબેલામાં પણ રસી સિવાય છૂટકો નથી. બહેનો જો સારી અને નોર્મલ જોખમ સિવાયની ડીલેવરી કરાવવી હશે તો રૂબેલાની રસી મૂકવી ફરજિયાત છે.

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

sgpathlab@gmail.com

કવિ, પ્રસિદ્ધિ, મંચ અને મિડિયા

સાહિત્યમાં હવે રાજનીતિ એકદમ સક્રિય રીતે પ્રવેશી ગઈ છે. કેમ કે આ ક્ષેત્રે આજકાલ સોશ્યલ મિડિયાને કારણે રાતોરાત પ્રસિદ્ધ થવાનું સાવ સહેલું ને હાથવગું બની ગયું છે. થોડું સારા માણસોનું, બે - ચાર પદાધિકારીઓનું અને પાંચ દસ સારા સાહિત્યકારોનું ગ્રુપ ઓળખતું હોય અને થોડો ખર્ચ કરવાની ત્રેવડ હોય તો આ ક્ષેત્રમાં ગમે ત્યારે પ્રવેશીને રાતોરાત (અમુક વર્ગ પૂરતા જ) પ્રસિદ્ધ થઈ શકાય છે. હવે તો આવનારા સમયમાં પ્રસિદ્ધ થવા માટેના કોન્ટ્રાક્ટ પણ આપવામાં આવે તો નવાઈ નહીં કેમ કે આજકાલ ઘણા નવા નવા લબરમૂછિયા અને વગરમૂછિયા નવોદિતો (પોતાને માટે "પ્રસિદ્ધ કવિ" ના વિશેષણો વાપરતા) બીજાની બંદુક પોતાના હાથમાં લઈને ગમે ત્યાં ધડાકા કરતા જોવા મળે છે. કેમ કે ફેસબૂક અને વૉટ્સપ પર જોરશોરથી પ્રસાર પ્રચાર કરીને પોતાને યેનકેન પ્રકારેણ પ્રસિદ્ધ કવિ કે સર્જક બનાવવાની આજે હોડ ચાલી છે. અને આ પ્રસિદ્ધિના મોહમાં ભલભલા આવી જાય છે. વળી બે ચાર મુશાયરારંજક ગઝલો લખીને વાહવાહી મેળવીને પણ આજે ઘણા ખવિઓ ઘૂમી રહ્યા છે.

મારા એક મિત્રને હમણા હમણા કવિ થવાના કોડ જાગ્યા. આમ તો એ બિચારા સરકારી અધિકારી, કદી પેન કે કાગળ જોયેલા નહીં, જીવનમાં કોઈ પુસ્તક વાંચેલું નહીં. અને એક વખત તેઓ મારી સાથે એક કવિ સંમેલનમાં આવેલા. અને પ્રેક્ષકો તરફથી બધા કવિઓને મળતી દાદ અને વાહવાહીથી તેઓ એટલા બધા પ્રભાવિત થયા કે મને કહે " અરે કનૈયાલાલ, તમારે તો આ સારું, અમારે તો સરકારમાં ઉપરી અધિકારી એવા ખડુસ હોય કે વાતે વાતે ગુસ્સો અને અપમાન જ સહન કરવા પડે, આટલું બધુ માન સન્માન તો કદી મળે જ નહીં, બસ મારે પણ હવે કવિ થવું છે, મારે મારા ઉપરી અધિકારીને બતાવી દેવું છે કે હું કોણ છું " મેં સમજાવ્યા કે એમ કવિ ના થવાય, એ માટે ખુબ જ વાંચન, અભ્યાસ જોઈએ. સંવેદનશીલ હદય જોઈએ, તમે સરકારમાં કામ કરો છો આવું તમારાથી નહીં થાય. પણ મારી વાત માન્યા નહીં. થોડા દિવસો પછી મેં અખબારોમાં જોયું તો અખબારના પ્રથમ પાને એ અધિકારી મિત્રનો માઈકમાં બોલતો ફોટો. હું તો એકદમ આશ્ચર્યમાં પડી ગયો, નીચે સમાચાર હતા કે " અમદાવાદ ખાતે સાહિત્ય પરિષદના હૉલમાં ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ કવિ ગણેશ ગૂનાગઢીનું કાવ્યપઠન યોજાયું " ત્યાં તો એ મિત્રનો ફોન આવ્યો કે " આજનું અખબાર જોયું ને ? " સાંજે અમે મળ્યા તો મેં પૂછ્યું કે આ બધુ કેવી રીતે કર્યું ? ત્યારે એ મિત્રએ ખુલાસો કરતા કહ્યું કે " કનૈયાલાલ, તમને તમારા સાહિત્ય જગતની કંઈ ખબર જ નથી. મેં અમદાવાદમાં એક કવિને એક વર્ષ માટે મારો કોંટ્રાક્ટ સોપી દીધો છે. એક વર્ષ સુધી તેઓ મારી માટે કવિતાઓ લખશે, કવિ સંમેલનો, મુશાયરાઓ યોજશે, વ્યાખ્યાનો યોજશે અને આ બધાની છાપાઓમાં પ્રેસનોટો આપશે.આ માટેની વાર્ષિક ફી રૂપિયા પાંચ લાખમાં નક્કી થયું છે બોલો બરાબર કર્યું ને ? " ત્યારે જેમ મહાભારતના યુદ્ધમાં આરંભે સામેની સેનામાં પોતાના જ સગાવહાલાઓને જોઈને જેમ અર્જૂનને વૈરાગ્ય ઉત્પન થયેલો એવો જ વૈરાગ્ય મને થઈ આવેલો. મને વિચારતો જોઈને એ મિત્ર કહે " કનૈયાલાલ, બહું વિચારો નહીં. આજે આમ જ ચાલે છે બધું. બહારના ધંધામાં ટેન્ડર બહાર પડે છે પણ સાહિત્યમાં વગર ટેન્ડરે ધંધા થાય છે. આ વર્ષે આ કોંટ્રાક્ટ પુરો થયા પછી આવતા વર્ષે પુરસ્કારોનો વારો છે. અને પછી ત્રીજા વર્ષે સાહિત્યની સંસ્થામાં પ્રમુખનું પદ. આ તમે છેલ્લા ૨૫/૩૦ વર્ષથી સાહિત્યની નિષ્ઠાથી સેવા કરતા આવ્યા છો, આટઅટલા પુસ્તકો લખ્યા, શું મળ્યું તમને ? "

આ કવિ બનેલા મિત્રની વાત તો સાચી હતી. કેમ કે આજકાલ જોડકણા ને જોક્સની જ મુશાયરામાં બોલબાલા છે. એમાં વળી થોડી એક્શન હોય અને થોડો અભિનય હોય, ચહેરો વર્તૂળાકારે ફરતો હોય અને બન્ને હાથ હવામાં સતત ફંગોળાતા હોય તો ભાવકોને મજા આવવાની જ છે. આજે મુશાયરામાં ગઝલના શબ્દને બદલે રજુઆત પર બધો આધાર હોય છે. અમુક ગઝલકારો કે કવિઓ તો એવા છે કે પોતાની સાવ નબળી રચનાને રજુઆતની તાકાતથી સફળ ગઝલ બનાવી દે છે. વળી એક જ પંક્તિને એવી રીતે ઘુમાવી ઘુમાવીને કહેશે કે બીજી પંક્તિ આવતા પહેલા જ ભાવકો વાહ વાહ કરવા લાગે છે. અને ભાવકોને કે શ્રોતાઓને આવી ગઝલોના કે ગીતોના સાહિત્યિક મૂલ્ય સાથે કોઈ લેવાદેવા હોતી નથી. તેઓને તો સરકાર પ્રત્યે, શિક્ષણ પ્રત્યે, વ્યવસ્થા પ્રત્યે, જીવન પ્રત્યે કે પ્રેમ-લાગણી કે પીડા પ્રત્યે કોઈ ધારદાર કટાક્ષ હોય તો તાલીઓ પાડશે જ. આ કારણે જ આજે અનેક આવા કવિઓ લોકપ્રિય થઈ ગયા છે. જેઓ ગઝલોના શે'રોમાં મોટેભાગે જોક્સ ભરીને નવા શબ્દોમાં પ્રસ્તુત કરતા હોય છે. આજે આધુનિકતાના નામે પણ કવિતાની ઈજ્જત લૂંટાઈ રહી છે. ઓજારો, હથિયારો, રસોઈ સામગ્રી, ભૌગોલિક, વૈજ્ઞાનિક, વગેરે વિષયોના શબ્દોને મારી મચડીને લયમાં બેસાડેલી આજે અનેક કવિતાઓ ફેસબૂક ને વૉટ્સપ પર રોજ વાંચવા મળે છે. તો વળી કેટલીક કવયિત્રીઓ તો સવારે ઊઠે તો ય કવિતામાં જ ઊઠે " હું સવારે ઊઠી રે, લાગણી એની જૂઠી રે " એણે ખુલ્લા હાથ રાખ્યા મેં વાળી છે મૂઠી રે " આ પ્રકારની અનેક કવિતાઓ લખનાર આજે મોટા મોટા મંચ ઉપર રજુ કરીને વાહવાહી લૂંટે છે. તો વળી ઘણા તો ગાલિબ, ગુલઝાર કે નિદા ફાજલીની ગઝલોને સીધી જ પોતાને નામે કરીને કે થોડા ફેરફાર સાથે લખીને મિડિયા પર પોસ્ટ કરીને વાહવાહી મેળવે છે.

આજે સાહિત્યમાં સંસ્થાના નામે પણ ઘણું ચાલી રહ્યું છે. સ્થાનિક સંસ્થાઓમાં સહેલાઈથી કોઈ ઊંચા પદ પર બેસીને એ શહેરના તમામ સાહિત્યકારોને પ્રભાવિત કરીને તેમની હરોળમાં આવી શકાય છે. આજે સાહિત્યમાં એક વર્ગ છાપામાં કૉલમો લખતા લખવૈયાઓનો છે. જેઓ પોતાને મારીમચડીને " પ્રસિદ્ધ સાહિત્યકાર"ની શ્રેણીમાં મૂકી દેતા હોય છે. ઘણા આવા લખવૈયાઓ તો કોઈ બાજુની સ્કૂલમાં અમસ્તાય જાય તો ય બીજે દિવસે છાપાઓમાં પ્રેસનૉટ લખીને મોકલી દેતા હોય છે કે 'ગુજરાતના સુપ્રસિદ્ધ સર્જક શ્રી સુમુંગી ગુમુંગીએ સ્કૂલના બાળકોને કાવ્ય વિશે વ્યાખ્યાન આપ્યું' અને આપણા અખબારવાળાઓ તો તેઓ જે લખીને મોકલે તે સાચું માનીને છાપી નાખતા હોય છે. બિચારા વાંચકો તો છાપાઓમાં આવે એટલે સાચું ય માની લેતા હોય છે. અને આમ દરેક શહેર અને ગુજરાત 'સુપ્રસિદ્ધ સાહિત્યકારો' થી ભરાતું જાય છે. આવા સુપ્રસિદ્ધ કવિ (?) લોકોને કવિતા લખવી એ સવારમાં શાક સમારવા જેવી સહેલી ક્રિયા છે જે રોજ સહેલાઈથી પાર પાડે છે. અને લેખ તો રસ્તામાં કોઈ સારી ચા પીવડાવી દે તો એના ઉપર પણ લખી નાખે. ઘણા તો સપ્તાહની છ છ કોલમો લખતા હોય છે. અને આપણા દૈનિક અખબારોની કરૂણતા એ છે કે એમાં છપાતી કોલમોની દેખરેખ રાખે એવો કોઈ સક્ષમ સર્જક કે કડક સંપાદક હોતા નથી. તેથી જે કાંઈ લખાણ આવે તે છાપી નાખવામાં આવે છે. અને આમ જ દરેક શહેરોમાં 'પ્રસિદ્ધ સાહિત્યકારો' ના ઉદય થતા રહે છે. આજે અખબારો સામાજિક જાગૃતિનું કામ કરે છે દરેક અખબારોમાં તંત્રી વિભાગ કે સમાચાર વિભાગ હોય છે જે સમાચારોનું સંપાદન કરે છે પરંતુ દરેક દૈનિક અખબારોમાં પ્રગટ થતી કૉલમોના સંપાદકો હોતા નથી કે જેઓ બધી જ કૉલમોના અક્ષરેઅક્ષર વાંચીને જ પ્રિન્ટિંગમાં જવા દે. જો આમ થાય તો કેટલાય કૉલમિસ્ટોને ઘેર બેસવાનો વારો આવે. પરંતુ બધુ જ ચાલે છે. અહી તો જો જીતા વો હી સિકંદર.

મોરપીંછના રંગ
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

'ડ્રીમ કાર' નો ધી એન્ડ?

વાત છે ઓગષ્ટ ૨૦૧૬ ની...જ્યારે કાર શોરૂમ પર એ કાર ના ૭૧૧ યુનિટ મોકલવામાં આવેલા...તો માત્ર એક જ વર્ષ પછી ઓગષ્ટ ૨૦૧૭મા આ આંકડો માત્ર ૧૮૦ નો જ થઈ ગયેલો... પછીથી સપ્ટેમ્બરમાં ઘટીને આ આંકડો માત્ર ૧૨૪ અને ઓક્ટોબરમાં સાવ તળિયે એટલે કે માત્ર ૫૭ કાર જ કાર રીટેલ શોરૂમમાં મોકલાવાયેલી...! વાત છે એક સમયમાં સામાન્ય માણસના સપનાની કાર તરીકે પ્રોજેક્ટ થયેલી અને ટૂંક જ સમયમાં લોકપ્રિય થઈને લોકોની આંખોમાં કાર માલિક થવાના સપના જગાડનાર ટાટા નેનો કારની...! ઉપરના આંકડાઓને જ આગળ વધારીએ તો હમણાં જ સમાચાર આવ્યા છે કે જુન ૨૦૧૭માં જ્યાં ટાટા ના પ્લાન્ટમાં ૨૭૫ નેનો બનેલી ત્યાં જ જુન ૨૦૧૮મા માત્ર ૧ જ નેનો બનાવવામાં આવી છે...! એક સમયે સામાન્ય માણસની કાર તરીકે પ્રખ્યાત થયેલી નેનોની પાછલા થોડા મહિનામાં ફક્ત ત્રણ જ કાર વેચાઈ છે...! સામાન્ય માણસની કાર તરીકે પ્રચલિત કરાયેલી નેનો કારના એક સુવર્ણ સમયના અંતની શું આ શરૂઆત છે ? શું ખરેખર નેનોનો ડ્રીમ પ્રોજેક્ટ મરણ પામ્યો છે ..?!

'અમારો ઈરાદો ટુ-વ્હીલર પર ફરનાર મધ્યમવર્ગને એ જ કિમતમાં કાર આપવાનો છે " જાન્યુઆરી ૨૦૦૮મા ઓટો એક્સ્પોમાં જ્યારે ટાટા નેનોને લોન્ચ કરવામાં આવી ત્યારે જગતની સૌથી સસ્તી કાર નેનોનું સપનું જોનાર ટાટા મોટર્સના માલિક રતન ટાટાના આ શબ્દો હતા. અને એના એકાદ વર્ષ પછી માર્ચ ૨૦૦૯માં જ્યારે માત્ર ને માત્ર એક લાખ રૂપિયાની કીમતવાળી ટાટા નેનો બજારમાં આવી ત્યારે રીતસર મધ્યમવર્ગના લોકો માટે એ સપના સાચા થવાથી ઓછી ખુશીની વાત નહોતી. એપ્રિલ ૯ થી એપ્રિલ ૨૫ સુધી નેનોનું એડવાન્સ બુકિંગ શરુ થયેલું અને આ પીપલ્સ કારની એટલી લોકપ્રિયતા અને ઉત્સુકતા હતી કે આ ઓલમોસ્ટ ૧૫ દિવસના ગાળામાં લગભગ ૨ લાખ કરતા વધુ નેનો ભારતીય લોકોએ બુક કરાવું નાખેલી. રતન ટાટા માટે તો એ ડ્રીમ કાર હતી જ પણ એ સમયે મળતી મોંઘીદાટ કાર્સ ખરીદી ના શકનાર સામાન્ય લોકો માટે પણ એ કોઈ ડ્રીમથી કમ નહોતી. જો કે, સમયની સાથે તેની કિંમતમાં વધારો થયો હતો. બંધ થયા પહેલા સુધીમાં દિલ્હીમાં ટાટા નેનોની કિંત ૨.૨૫ લાખ રૂપિયાથી ૩.૨૦ લાખ રૂપિયા સુધી પહોચી ગયેલી. એ અલગ વાત છે કે મધ્યમવર્ગને પોસાય તેવી કીમતે લોન્ચ થયેલી નેનોની કીમત એટ ધી એન્ડ તો બીજી કારોની કીમત કરતા બહુ ઓછી નહોતી. લોન્ચિંગ વખતે જ નેનોના ત્રણ અલગ અલગ વેરીયન્ટ બજારમાં મુકવામાં આવેલા જેની કિમતો ૧ લાખથી શરુ થઈને ૨ લાખ સુધીની હતી.

૨૦૦૮ની શરૂઆતમાં પ્રતિષ્ઠિત મેગેજીન 'ન્યુઝવીકે' જેને ૨૧મી સદીની કારોમાં અલગ પડતી કાર તરીકે ઓળખાવેલી એ ટાટા નેનોના આખાયે પ્રોજેક્ટને શરૂઆતથી જ વિવાદોનું ગ્રહણ લાગી ચુક્યું હતું. પહેલા તો ૨૦૦૬માં એવી જાહેરાત કરાઈ કે નેનોનું ઉત્પાદન પશ્ચિમ બંગાળમાં સિંગુર ખાતે શરુ થવાનું હતું પણ ખેડૂતોની જમીન અધિગ્રહણ કરવાનો વિવાદ શરુ થયો અને એમાં તૃણમુલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જીએ જુકાવ્યુ. રાજ્યમાં તોફાનો થયા, બંધના એલાનો આપવામાં આવ્યા અને હિસા પણ વ્યાપક પ્રમાણમાં થઈ. આ બધું લગભગ બે વર્ષ સુધી એટલે કે ૨૦૦૮ સુધી ચાલુ રહ્યું અને અંતે સપ્ટેમ્બર ૨૦૦૮ માં ટાટા મોટર્સે જાહેર કર્યું કે નેનોનો પ્લાન્ટ સિંગુરમાં બંધ કરવામાં આવે છે. ગુજરાતના તે વખતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ તક ઝડપીને રતન ટાટાના સપનાને પૂરું કરવા માટે ગુજરાતમાં સાણંદ નજીક નેનો પ્લાન્ટ માટે જગ્યા આપી અને આમ આમ આદમીની કારના ગુજરાતમાં પગરણ થયા. જો કે ગુજરાતમાં મળેલી જમીનો અને સાર્કારી ફાય્દાઓના વિવાદો પણ ચાલુ જ રહ્યા પણ આ બધા વિવાદો વચ્ચે ખુશીની વાત એ રહી કે નેનોનું હકીકતમાં શોરૂમ અને લોકોના ઘરઆંગણે હકીકતમાં અવતરણ થયું. નેનો ને ખાલી ભારત જ નહિ પણ પાડોશી દેશો શ્રીલંકા, બાંગ્લાદેશ અને નેપાળમાં પણ લોન્ચ ક